### નવી સરકારના કાર્યારંભે જ અમદાવાદ મહાનગર અને ઔડા વિસ્તારને આપી મહત્વપૂર્ણ ભેટ

# વૈષ્ણોદેવી જંકશન પાસે રૂ.૪૦.૩૬ કરોડના ખર્ચે નવનિર્મિત થયેલા અંડરપાસનું લોકાર્પણ

## વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સૌએ એક થઇ-નેક થઇ જે વિકાસ કામો કર્યા તેના પરિણામે જ પ્રજાનું પ્રચંડ જનસમર્થન આપણને મળ્યું છેઃ- ભૂપેન્દ્ર પટેલ





ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવી સેવા દાયિત્વ સંભાળી રહેલી તેમની નવી સરકારના કાર્યારંભે જ અમદાવાદ મહાનગર અને ઔડા વિસ્તારને ૪૦.૩૬ કરોડ રૂપિયાના મહત્વપૂર્ણ લોકહિત કાર્યની વિકાસ ભેટ આપી છે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ 'ઔડા' દ્વારા એસ.પી. રિંગરોડ ઉપર વૈષ્ણોદેવી જંકશન પર નવનિર્મિત અંડર પાસનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ હતું. તેમની નવી સરકારનો પ્રથમ જાહેર કાર્યક્રમ સરદાર ધામ પરિસરમાં સરદાર પ્રતિમાના ચરણોમાં યોજાયો છે તેનું ગૌરવ સ્મરણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ સરકાર પ્રજાના પ્રશ્નોને પ્રાયોરિટી આપી તેના નિવારણ માટે સદૈવ કર્તવ્યરત રહેશે તેવી પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક બની, નેક બની જે વિકાસ કાર્યો આપણે કર્યા છે, તેના પરિણામો તાજેતરની ચૂંટણીમાં જોવા મળ્યા છે. આટલો વ્યાપક જનાધાર મળતા સરકારની જવાબદારી વધી જાય છે, ગુજરાતની જનતાએ અમારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેને લાંબા સમય સુધી ટકાવી રાખવા અને આ વિશ્વાસને વધુ મજબૂત કરવાની શરૂઆત આજથી જ કરી દીધી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકાસની રાજનીતિથી જ ચૂંટણીઓ જીતી શકાય એવી પરિપાટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરી દીધી છે. ભૂપેન્દ્ર પટેલે એમ પણ ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ છેવાડાના માનવી સહિત સૌના સાથ, સૌના વિકાસની નેમથી ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાની જે નેમ રાખી છે તેમાં વિકસીત ગુજરાતના નિર્માણથી આપણે લીડ લેવાની છે.

### વાતાવરણમાં છેલ્લા બે દિવસથી પલટો

# રાજ્યમાં આગામી બે દિવસમાં કમોસમી વરસાદની આગાહી

### અમદાવાદ, સાબરકાંઠા, ખેડા, હિંમતનગર તેમજ ડાકોર સહિતના વિસ્તારોમાં માવઠું થયું

અમદાવાદ, તા.૧૪

છેલ્લા બે દિવસથી ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જેના કારણે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બીજી તરફ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. તે ઉપરાંત કેટલાક વિસ્તારોમાં વાતાવરણ સુકુ રહેવાની પણ સંભાવના છે. આજે રાજ્યમાં અમદાવાદ, સાબરકાંઠા, ખેડા, હિમતનગર, ડાકોર સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. રાજ્યમાં વાદળછાયા વાતાવરણને કારણે ડબલઋતુનો અનુભવ પણ થઈ રહ્યો છે. હાલમાં ઠંડીમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ બે દિવસ બાદ ઠંડીમાં વધારો થઈ શકે છે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આવતીકાલે ૧૫ ડિસેમ્બરે મહિસાગર, અરવલ્લી, તાપી, ડાંગ, સુરત, નર્મદા, નવસારી, વલસાડ અને દમણમાં હળવો વરસાદ થઈ શકે છે. જ્યારે રાજકોટ, અમરેલી, જૂનાગઢમાં વાતાવરણ સુકુ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળશે. જ્યારે ૧૬મી ડિસેમ્બરે વાતાવરણમાં સમગ્ર ગુજરાતમાં પલટો જોવા મળી શકે છે.આજે અમદાવાદના પાલડી, વાસણા, સેટેલાઈટ વિસ્તારમાં માવઠાની અસર જોવા મળી છે. હાલમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વના પવનો ફૂંકાતા વાતાવરણ પર અસર થઈ રહી છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે પણ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે. હાલમાં રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ જોવા મળી રહ્યો છે. ૧૭મી ડિસેમ્બર પછી વાતાવરણમાં ફેરફાર થતાં જ ઠંડીમાં વધારો જોવા મળશે. હવામાન વિભાગ પ્રમાણે ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં હાડ થીજવતી ઠંડી શરૂ થઈ જશે.



વાદળછાયા વાતાવરણ અને માવઠાને કારણે ખેડૂતોમાં ચિંતા વધી છે. માવઠું થાય તો ઘઉં, ચણા સહિતના પાકોને ભારે નુકસાન પહોંચે એવી સંભાવના છે. હાલ શિયાળાની સિઝન હોવાથી ખેડૂતોએ લીલા શાકભાજી, રાઈડો સહિતના ઘણા પાકો વાવ્યા છે. જેથી માવઠાને કારણે પાકને નુકસાન પહોંચી શકે છે.

### ગુજરાતના મુખ્યમંત્રી એક્શન મોડમા

# મંત્રીઓને વિભાગના ૧૦૦ દિવસના નવતર લક્ષ્યાંકો તૈયાર કરવા આદેશ

### ભુપેન્દ્ર અને નરેન્દ્રની ડબલ એન્જીન સરકારમાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા સરકાર દ્વારા પ્રયાસ શરૂ કરી દેવાયા

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભારે બહુમતી સાથે ફરીથી ભુપેન્દ્ર પટેલની સરકાર બનતા તેમની જવાબદારીઓ પણ વધી ગઈ છે. જણાવી દઈએ કે, ભુપેન્દ્ર અને નરેન્દ્રની ડબલ એન્જીન સરકારમાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સરકારના શપથ લેવાયા બાદ જ સરકાર એક્શન મોટમાં આવી ગઈ હતી.

ભુપેન્દ્ર પટેલે આજે જ તમામ મંત્રીઓને પોતાના વિભાગના ૧૦૦ દિવસના નવતર લક્ષ્યાંકો તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, નરેન્દ્ર મોદીની સરકાર અને આનંદીબેન પટેલની સરકારમાં સ્માર્ટ ગોલ્સ, ગોલ્ડન ગોલ્સ નક્કી કરવાની શરુઆત કરાઈ હતી. હવે સ્વરુપ બદલાયુ અને હવે ૧૦૦ દિવસના ગોલ્સ નક્કી થઈ રહ્યા છે. મંત્રી પોતે જ પોતાના લક્ષ્યાંકો માટે ક્લિયર હોય તો તેમનો વિભાગ અને વિભાગના અધિકારીઓને તે ટાર્ગેટ પૂરા કરવા દોડાવી શકે તે માટે પ્રથમ ત્રણ મહિનાની બ્લુ પ્રિન્ટ નક્કી કરવાનો આદેશ તમામ મંત્રીઓને અપાયો છે. પ્રથમ ૧૦૦ દિવસમાં મંત્રીઓને પોતાના વિભાગમાં નવી યોજનાઓ અને ગત સરકારની યોજનાની પૂર્ણતાનું સૂચન મુખ્યમંત્રીએ કર્યું છે અને વિઝનરી પ્લાન સંદર્ભે પણ પોત પોતાના વિભાગમાં ઉંડા ઉતરવા જણાવ્યું છે.તમામ મંત્રીઓએ પોતાના વિભાગના પ્રથમ ૧૦૦ દિવસની કામગીરીની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાની રહેશે, જેની ચર્ચા આગામી કેબિનેટની બેઠકમાં થઈ શકે છે. જેઓ ગત સરકારના મંત્રી રહ્યા છે તેમના માટે આ ટાર્ગેટ થોડો સરળ રહેશે. બાકીના નવોદિત મંત્રીઓને થોડુ કાઠું પડી શકે છે. આથી, જૂના મંત્રીઓને નવોદિત મંત્રીઓને સહયોગ કરવા પણ જણાવવામાં આવ્યું છે. જણાવી દઈએ કે, રાઘવજી પટેલ , હરેશ સંઘવી , જગદીશ વિશ્વકર્મા જેવા મંત્રીઓ નવોદિત મંત્રીઓને ૧૦૦ દિવસની બ્લુ પ્રિન્ટ મુદે સહાયરુપ થશે.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામીજી મહારાજે સંતો અને હરિભકતો, માનવંતા મહેમાનોની ઉપસ્થિતિમાં આફ્રિકાના સૌથી ઊંચા માઉન્ટેન કિલોમાન્જારોની તળેટીમાં એમ્બોસેલી નેશનલ પાર્ક કિમાના ગેટના પરિસરમાં કેન્યાના ૫૯ મા જમ્હૂરી ડે ની ધ્વજ લહેરાવી કરી ઉલ્લાસભેર ઉજવણી, બિગલાઈફ ફાઉન્ડેશનને ૩,૪૦,૦૦૦ શિલિંગનું દાન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિકો, વિદેશી પર્યટકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂંક બે દિવસમાં

ગાંધીનગર,

ગુજરાતમાં સત્તારૂઢ થયેલ નવી ભાજપ સરકારના મંત્રીમંડળમાં મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂકો માટેનો નિર્ણય રાજ્ય સરકાર આગામી એક-બે દિવસમાં લેશે અને અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂકો કરાશે. ગત ભુપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂક માટે પ્રદેશ ભાજપ કક્ષાએથી નિર્ણય લેવામાં આવ્યો હતો અને તમામ મંત્રીઓને ત્યાં સચિવાલયના વિભાગોના નાયબ સચિવ અને ઉપસચિવ વર્ગના અધિકારીઓની મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વિજયભાઈ રૂપાણી મંત્રીમંડળમાં મંત્રીઓને ત્યાં સચિવાલય સંવર્ગ સિવાય જિલ્લા કક્ષાની કચેરીઓમાંથી અંગત સચિવ અને અંગત મદદનીશ માટે રેવન્યુ કેડરમાંથી અથવા અન્ય વિભાગમાંથી નિમવામાં આવ્યા હતા. આ પ્રથાને ગત ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં બદલી નાખીને મંત્રીઓને ત્યાં માત્ર સચિવાલય વિભાગોના અનુભવી નાયબ સચિવ અને ઉપસચિવોની જ નિમણૂકો પીએસ, પીએ તરીકે કરવામાં આવી હતી.

૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં ફરીને ભુપેન્દ્ર પટેલ સરકાર જંગી બહુમતી સાથે સત્તામાં આવ્યા બાદ હવે ભૂપેન્દ્રભાઈ પટેલના નવા મંત્રીમંડળમાં ગત ટર્મમાં મંત્રીઓના પીએસ અને પીએ તરીકે સચિવાલય કેડરના જે અધિકારીઓને નિમવામાં આવ્યા હતા તે અધિકારીઓને ફરીને રીપીટ કરાશે કે નવા લેવામાં આવશે તે અંગેનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા બે ત્રણ દિવસમાં લઈને મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂક કરવામાં આવશે.

હાલમાં નવા રચાયેલા મંત્રીમંડળમાં મંત્રીઓને ત્યાં જે જૂના અંગત સચિવ અને અંગત મદદનીશો ફરજ બજાવતા હતા તે તમામ અંગત સચિવ અને અંગત મદદનીશો ને છૂટા કરીને સામાન્ય વહીવટ વિભાગના હવાલે પાછા મૂકી દેવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાલમાં મંત્રીઓના કાર્યાલયમાં કામગીરી માટે નવા પીએસ, પીએની નિમણૂક ન થાય ત્યાં સુધી મંત્રીઓને જે વિભાગો ફાળવવામાં આવ્યા છે તે વિભાગોમાંથી પીએસ, પીએની નિમણૂકો કરવામાં આવી છે.

જો જૂના મંત્રીઓને તેમના જુના પીએસ પીએ રાખવા દેવાની છૂટ આપવામાં આવશે તો જૂના મંત્રીઓને ત્યાં તેમના જુના મંત્રીઓને ત્યાં તેમના જુના સ્ટાફની નિમણૂકો કરવામાં આવશે અને જો મંજૂરી આપવામાં નહીં આવે અને જુના પીએસ, પીએ બદલીને સરકાર જે નક્કી કરે તે મૂકવા માટેનો નિર્ણય લેવાશે તો રાજ્યના મંત્રીમંડળના તમામ મંત્રીઓને ત્યાં તેમના સ્ટાફમાં નવા અંગત સચિવ અને અંગત મદદનીશની નિમણૂક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### ભરશિયાળે વરસાદના કારણે ખેડૂતોને નુકસાન

# કમોસમી વરસાદ પ્રભાવિત વિસ્તારોમા સર્વેનો આદેશ આપ્યો છેઃ કૃષિ મંત્રી

### જિલ્લા ખેતીવાડી અધિકારી તથા ખેતીવાડી નિયામકને સર્વે કરવા આદેશ આપ્યાં છે

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં એકાએક હવામાનમાં પલટો આવ્યો છે. રાજયના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો છે. કમોસમી વરસાદને લઈ ખેડૂતોમાં ચિંતાના વાદાળા ખેરાયા છે. વલસાડમાં સતત બે દિવસથી વરસાદી ઝાપટા પડી રહ્યાં છે જ્યારે ગઈ કાલે છોટાઉદેપુરના નસવાડીમાં પણ કમોસમી વરસાદ થયો હતો. તેમજ આજે રાજ્યાના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ થયો છે. ભરશિયાળે વરસાદ થતા ખેડૂતોને વિવિધ પાકોમાં નુકસાન થયું છે. જેને લઈ ગુજરાત સરકારે મોટો નિર્ણય લીધો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, નુકસાની અંગે સર્વેને આદેશ આપ્યા છે.

કમોસમી વરસાદ અંગે કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, કમોસમી વરસાદના કારણે ખેડૂતોને નુકસાન થાય તે સ્વભાવિક છે. અને આ બાબતે અમે જિલ્લા ખેતીવાડી અધિકારીઓને સૂચના આપી છે કે, જે જે વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો છે ત્યાં ત્યાં ખેતીવાડીને જે કોઈ અસર થઈ હોય તેની તપાસ કરી તત્કાલિક સરકારને રિપોર્ટ કરે તેમણે કહ્યું કે, જિલ્લા ખેતીવાડી અધિકારી તથા ખેતીવાડી નિયામકને સર્વે કરવા આદેશ આપ્યાં છે અને કમોસમી વરસાદ બાદ નુકસાનીનો સર્વે કરી સરકારને રીપોર્ટ કરવાનો આદેશ અપાયા છે.

યુરીયા ખાતર મુદે કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર પાસે ૬ હજાર મેટ્રિક ટન ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે યોગ્ય માત્રામાં યુરીયા ખાતરનો જથ્થો ફાળવ્યો છે અને ખાતરનો જથ્થો યોગ્ય માત્રામાં નથી તે સદંતર પાયાવિહોણી વાત છે તેમણે કહ્યું કે, યુરીયા ખાતરનો જથ્થો પુરતા પ્રમાણમાં છે.ડાકોર સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માવઠું પડ્યું હતું. કમોસમી વરસાદને કારણે ખેડૂતોની ચિંતામાં વધી છે. ખેતરમાં ઉભેલા પાકને નુકસાન પહોંચવાની સંભાવના છે, રાજગરો, રાઈડો, શાકભાજી જેવા પાકમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

આ સાથે જ પંચમહાલ જિલ્લામાં પણ કમોસમી વરસાદ પડ્યો છે. ઘોઘંબાના કાંટુ સહિતના વિસ્તારમાં વરસાદી છાંટા પડ્યા છે. વાદળછાયા વાતાવરણને કારણે ઠંડીમાં વધારો થયો છે. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. આજે કમોસમી વરસાદ વરસતા ત્યાંના લોકોએ આજે એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ કર્યો છે.

# પવિત્ર વિષ્ણુયાગ સાથે હોટલ ઘુંઘટની સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરાઈ

### મુકબધીર અને આશ્રમશાળામાં રહેતા આશરે એકસોથી વધુ બાળકોને સ્વાદિષ્ટ ભોજન જમાડવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના રાંધેજા રોડ ઉપરની સુપ્રસિદ્ધ હોટલ ઘુંઘટે આજે ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬માં મંગલ વર્ષમાં પ્રવેશ કર્યો છે. હોટલ ઘુંઘટ દ્વારા સિલ્વર જ્યુબિલીની ઉજવણી પવિત્ર વિષ્ણુયાગના આયોજન દ્વારા કરવામાં આવી હતી જેમાં ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના સ્વામીના મંદિરના મહંત પી. પી. સ્વામી અને હાથીજણ સ્વામિનારાયણ મંદિરના શ્રીજી સ્વામી સહિત તેમના સંતગણે ઉપસ્થિત રહી શ્રીફળ હોમ્યું હતું. આ પ્રસંગે હોટલ ઘુંઘટ દ્વારા શહેરના મુકબધીર અને આશ્રમશાળામાં રહેતા આશરે એકસોથી વધુ બાળકોને તેમજ હોટલ ઘુંઘટના લગભગ ૭૦ જેટલા કર્મચારીઓને સ્વાદિષ્ટ ભોજન જમાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર વિષ્ણુ યાગમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે અને પવિત્ર શ્લોકોના ઉચ્ચારણ સાથે આહુતિઓ આપવામાં આવી હતી તેમજ જગ કલ્યાણની કામના કરવામાં આવી હતી. પવિત્ર વિષ્ણુ યાગમાં હોટલ ઘુંઘટના સંચાલકોના પરિવારજનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે સર્વોત્તમ ભોજન અને અને રહેવા માટે ઉત્તમ સુવિધા માટે જાણીતી હોટલ ઘુંઘટ દ્વારા પંજાબી, ચાઈનીઝ, કોંટીનેન્ટલ, સાઉથ ઈન્ડિયન અને ગુજરાતી થાળી પીરસવામાં આવે છે તેમજ શિયાળાની ઋતુમાં ખાસ બાજરીનો રોટલો, રીંગણ ભડથું, ખીચડી-કઢી જેવી કાઠીયાવાડી વાનગીઓ પીરસવામાં આવે છે.



### બજેટની તૈયારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના આગામી બજેટમાં આંતરમાળખાકીય સુવિધાઓના સુદઢીકરણ તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બને તેના પર ભાર મુકવામાં આવી શકે છે તેવા સંકેતો મળ્યા છે.

શાખાધિકારીઓને વહીવટીય સુધારણા સહિત કર્મચારીઓના કેપીસીટી બિલ્ડીંગઅપના નવા કાર્યક્રમો તૈયાર કરવા તેમજ તાલિમોનું આયોજન થાય તે માટે સાથે સાથે ગાંધીનગર શહેરમાં સુવિધાઓનો વ્યાપ વિસ્તરે અને આધુનિક બને તે માટેના નવા કામો તેમજ તે અંગેના અંદાજો ૩૦મી ડિસેમ્બર સુધીમાં રજુ કરવા માટેની સૂચના આ બેઠકમાં આપવામાં આવી હતી.

મનપાનું વર્ષ-૨૦૨૩-૨૪નું અંદાજપત્ર ફેબ્રુઆરીમાં રજુ થવાનું હોઈ તંત્રએ આ અંગેની તૈયારીઓ આરંભી દીધી છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કમિશનર કક્ષાએ આ અંગે સમીક્ષા બેઠક યોજાશે અને ત્યાર પછી બજેટની તૈયારીઓને વધુ વેગીલી બનાવવામાં આવશે.

### 'બાપા'માં સૌને

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચુંટણી લડ્યો, ત્યારે ફોર્મમાં સહી કરવાની પેન પ્રમુખ સ્વામી આપતા. ત્યારથી લઇ કાશીમાં ફોર્મ ભર્યુ ત્યારે પણ પેન મોકલી હતી. છેલ્લા ૪૦ વર્ષથી દર વર્ષે મને કુર્તા પાયજામનુ કપડુ પ્રમુખ સ્વામી મોકલતા. આજે પ્રધાનમંત્રી છું, તેમ છતાં કપડા મોકલવાની પરંપરા મહંત સ્વામીએ ચાલુ રાખી છે.

### મકાન બનાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુવિધા હશે. ક્લાસ ૧ માટેના ૩૦૦ સ્કવેર મીટરના ફલેટનું બાંધકામ ગ્રાઉન્ડ અને ઉપર ત્રણ માળ કરીને ૬ ફ્લેટનું જ્યારે ક્લાસ ૨ના અધિકારીઓ માટે ૨૫૦ સ્કવેર મીટરના ગ્રાઉન્ડ અને ઉપર ૪ માળ મળીને ૮ ફ્લેટનું બાંધકામ કરવામાં આવશે.

મહાનુભાવોની અવર જવર હોય ત્યારે તેમને રહેવાની વ્યવસ્થા આપી શકાય તેના માટે ગેસ્ટ હાઉસની વ્યવસ્થા કરવામાં આવશે ગુડા દ્વારા પણ ગેસ્ટ હાઉસ બનાવશે જેમાં નીચે ૪ રૂમ, કિચન, મેનેજમેન્ટ ઓફીસ, સ્ટોર ઉભા કરાશે. જ્યારે ઉપરના માળે ૧૨ રૂમ બાંધવામાં આવશે. જયારે યોજના અન્વયે હરિયાળા બગીચા સહીત અન્ય માળખાકીય સુવિધાઓ પણ ઉભી કરાશે.